### મેઘરજના રામગઢી ગ્રામ પંચાયત ચૂંટણીમાં ગેરકાયદેસર વોટિંગની માંગ સાથે

# મામલતદાર અને પોલીસ પર ઘાતકી હુમલો

## ભૂતિયા કૂંડીમાં અસામાજિક તત્વોએ ચૂંટણીમાં ફરજ બજાવતા ૪૦ કર્મચારીઓને બંધક બનાવતા ચકચાર : જિલ્લા પોલીસતંત્ર દ્વારા બંધકોને મુક્ત કરાવાયા






મેઘરજ, તા. ૨૩

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના રામગઢી ગામના ભૂતિયા વિસ્તારમાં બિહાર જેવી હિચકારી ઘટના બનતા જીલ્લા વહીવટીતંત્ર અને પોલીસતંત્રમાં ભારે દોડધામ મચી હતી. રામગઢી ગ્રામ પંચાયતની ચૂંટણી દરમિયાન ભૂતિયા વિસ્તારમાં કેટલાક અસામાજિક તત્વોએ મતદાન સમય પ્રક્રિયા પૂર્ણ થવા છતાં ગેરકાયદેસર રીતે મતદાન કરવાની હઠ પકડી મતદાન બુથ ઉપર હાજર કર્મચારીઓ સાથે ઘર્ષણ પર ઉતરી ઉશ્કેરાઈ મતદારોના ટોળાએ મામલતદાર અને પોલીસની સરકારી ગાડી પર પથ્થરમારો કરતા કર્મચારીઓમાં ભારે ભય ફેલાયો હતો. અસામાજિક તત્વો બેકાબુ બનતા મતદાન મથક પરના કર્મચારીઓ, ઈવીએમ મશીન સાથે રૂમમાં બંધક બનાવ મજબુર બન્યા હતા. સમગ્ર ઘટનાની જાણ જીલ્લા પોલીસવડા મયુર પાટીલને થતા તાબડતોડ અરવલ્લી જીલ્લા પોલીસતંત્રનો મોટો કાફલો ઘટનાસ્થળે મોકલી સ્થિતિ પર કાબુ મેળવી કર્મચારીઓ અને ઈવીએમ મશીનને સુરક્ષિત મેઘરજ મામલતદાર કચેરીએ ખસેડી કોમ્બિંગ હાથ ધરી ૩૦થી વધુ અસામાજિક તત્વોની ધરપકડ કરી ૫૦૦થી વધુના ટોળા સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મેઘરજ તાલુકાના રામગઢી ગ્રામપંચાયતમાં આજે સરપંચ અને સભ્યોની ચૂંટણી માટે મતદાન શરૂ થયું હતું જેમાં બે બુથ ભૂતિયા વિસ્તારની કુંડી પ્રાથમિક શાળામાં હતા જ્યાં કુલ ૧૧૦૦ જેટલા મતદારો હતા. એક મતદારને સરપંચ અને સભ્યો માટે મત આપવાના થતા હોઈ મતદાનનો સમય પૂર્ણ થવા સુધીમાં કેટલાક મતદારો મતદાનથી વંચિત રહ્યા હતા. મતદાનનો સમય પૂર્ણ થતાં પહેલાં મતદાન મથકની હદમાં આવેલ કુલ ૧૮૧ મતદારોને ટોકન આપી મતદાન પ્રક્રિયા ચાલુ રાખી હતી. મતદાનથી વંચિત બહાર રહેલા કેટલાક મતદારો અને બીજા તત્વોએ બહાર હોબાળો મચાવ્યો હતો અને તોફાની ટોળાએ મેઘરજ મામલતદાર અને પોલીસની સરકારી ગાડી પર છુટા પથ્થરો માર્યા હતા જેથી કેટલાક પોલીસ કર્મચારીઓને સામાન્ય ઈજાઓ થઈ હતી તેમજ ટોળામાં રહેલા કેટલાક ઈસમોને પણ ઈજાઓ થઈ હતી. જેથી સમગ્ર બાબતે મેઘરજ મામલતદારે પોલીસને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં અરવલ્લી જિલ્લા ડીવાયએસપી ફાલ્ગુનીબેન પટેલ, કંઝારિયા, જીલ્લા એલસીબી પી.આઈ. નાગજી રબારી, જીલ્લા એસઓજી પીએસઆઈ આશિષ પટેલ, મેઘરજ, ઈસરી, ધનસુરા પો.સ્ટે.ના પીએસઆઈ તેમજ જીલ્લા પોલીસતંત્રનો મોટો કાફલો ઘટનાસ્થળે ખડકી દીધો હતો અને મતદાન પૂર્ણ થયા બાદ ઈવીએમ સુરક્ષિત રીતે મામલતદાર કચેરીએ પહોંચાડી કોમ્બિંગ હાથ ધાર્યું હતું અને ૩૫ અને ૫૦૦ના ટોળા સહિત કુલ ૫૩૫ સામે ફરિયાદ નોંધી ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૩૨, ૧૮૬, ૩૩૭, ૪૨૭, જીપી એકટ કલમ ૧૩૫ પબ્લિક પ્રોપર્ટી ડેમેજ એકટ કલમ ૩ મુજબ ગુન્હો નોંધી૩૫ લોકોની અટક કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# સોજાના ચૌદશના ગરબા





સોજા, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સોજા ગામમાં પ્રાગૈતિહાસિક ગરબા મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. છેલ્લા ચારસોથી પણ વધુ વર્ષોથી સોજા ગામમાં વેરાઈ માતાજીના આ ગરબા દર વર્ષે આસો સુદ ચૌદશના રોજ હર્ષોલ્લાસથી ઉજવાય છે. ધાર્મિક, આધ્યાત્મિક, ઐતિહાસિક, નૈસર્ગિક, કલાત્મક મહત્વ ધરાવતા આ ગરબા મહોત્સવમાં સોજાના વતની દેશ-પરદેશ રહેતા તમામ નાગરિકો અચૂકપણે ઉપસ્થિત રહેતાં હોય છે.

ગામના તમામ શેરી-મહોલ્લા, લત્તા, વાસ, માઢમાં ઘડુલીયા ગરબાની સાથે સાથે ફૂલોના ગરબા માથે મુકીને ગાવાનો અનેરો રિવાજ અહીં ખાસ જોવા મળે છે.

સોજા ગામના પરાક્રમી વીર રાજપૂત યોદ્ધા વેલુભાનો ઈતિહાસ ખૂબ જ રોમાંચક અને ગૌરવપ્રદ છે. મોગલ બાદશાહ મહંમદ શાહ બેગડાનો સેના-કાફલો આતંક ફેલાવતો જ્યારે સોજા ગામેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે ગામના વીર સપૂત વેલુભા પોતાના ઘોડા પર સવાર થઈને તલવાર વીંઝતાં વીંઝતાં બેગડાના સૈનિકો પર તુટી પડ્યા અને એક પછી એક સૈનિકના માથાં વાઢતાં ગયાં. ચતુર સેનાપતિએ પાછળથી ઘા મારી વેલુભાનું માથુ કાપી નાંખ્યુ હતુ તેમ છતાં એવુ કહેવાય છે કે વેલુભાનું ધડ પણ અનેક સૈનિકોના માથાં વાઢતું રહ્યું હતું. મર્દાનગી અને વીરતાની મિસાલ એવાં વેલુભાનું કપાયેલું માથું મહંમદ શાહ બેગડાના સેનાપતિએ ભદ્રકાળી માતાજીના મંદિરમાં સન્માનજનક રીતે વિધિવત પૂજા અર્થે પ્રસ્થાપિત કર્યુ હતું. જે આજ પણ ત્યાં તાંબાની પ્રતિકૃતિ સ્વરૂપે અભિવાદીત થાય છે. આસો સુદ ચૌદશના પુનિત દિને આ ઘટના ઘટી હોઈ તેની ઉજવણી ગરબા મહોત્સવ રૂપે આજ દિને થાય છે.

સોજા ગામના પ્રવેશ દ્વારે જ વીર વેલુભાનું મંદિર-પાળીયો બનાવવામાં આવેલ છે અને તમામ કોમ-જાતિ, સંપ્રદાયના લોકો અહીં પોતાની માનતા-બાધા-આખડી પૂરી કરી છે અને એ રીતે આસ્થાનું કેન્દ્ર બની ગયું છે વીર વેલુભાનું આ મંદિર.

## કાંકરેજ તાલુકાના વડા ખાનપુરા વાસ પ્રાથમિક શાળામાં વિદાય સમારંભ યોજાયો

કાંકરેજ, તા. ૨૩

ખાનપુરા વાસમાં ફરજ બજાવી વય નિવૃત્તિ થનાર શિક્ષક ઠાકોર હેમચંદજી શિવાજીનો વિદાય સમારંભ યોજાયો હતો, ત્યારે કાંકરેજના પૂર્વ ધારાસભ્ય ધારસિંહભાઈ ખાનપુરા, તાલુકા પંચાયત પ્રમુખ વર્ધિલાલ મકવાણા, તાલુકા શિક્ષણ અધિકારી પ્રકાશભાઈ વણકર, ભાભર ટીપીઓ કાપડી, કમલેશ રબારી, શિક્ષક સંઘના પ્રમુખ જગમાલભાઈ જોષી, ગણપતભાઈ દરજી તેમજ કાંકરેજ તાલુકાના શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં ત્યારે વડાના કનુભા મસાજી અને અટુંબીયાવાસ તેમજ ઠાકોરવાસના સરપંચો અને જીવણજી ઠાકોર આગેવાનો ઉપસ્થિત રહીને સતત સોળ વર્ષથી સેવા આપી વય નિવૃત્ત થનાર એવા હેમચંદજી ઠાકોર શિક્ષકને સ્મૃતિ ચિન્હ તેમજ મોમેન્ટો આપી સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા અને ખૂબ ભાવપૂર્વક વિદાય આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન



ઉત્સાહી શિક્ષક શૈલેષભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું જોકે ભાગ્યે આવા નસીબદાર લોકોને આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત મહાનુભાવો અને સામાજિક કાર્યકરો તેમજ તાલુકાના શિક્ષકો અને બાળકોનો પ્રેમ સાથે વિદાય લીધી હતી ત્યારે વડા ખાનપુરાવાસ પ્રાથમિક શાળામાં દરેકને ભોજન માટેની સુંદર રીતે વ્યવસ્થા કરવામાં આવી હતી અને દરેક મહેમાન ભોજન લઈ રવાના થયા હતા. આમ વડા ખાનપુરાવાસ પ્રાથમિક શાળાના શિક્ષકનો વીદાય સમારંભ યોજાયો હતો.

## ભિલોડામાં મફત નેત્ર નિદાન કેમ્પ યોજાશે

ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા ખાતે મફત નેત્ર નિદાન કેમ્પ યોજાશે. જીલ્લા અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ અંધજન મંડળ સંચાલિત નવલભાઈ અને હિરાબા આંખની હોસ્પિટલ, સમતા વિકાસ ટ્રસ્ટ,ઉદય સેવા સંસ્થાન ધ્વારા આયોજીત ધી ભિલોડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના સહયોગથી મફત નેત્ર નિદાન કેમ્પ તા.૨૬/૧૦/૨૦૧૮ ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી યોજાશે તેમ ઉદય સેવા સંસ્થાન, ભિલોડાના જીતેન્દ્ર સી.ભાટીયા, રોહિતભાઈ પટેલએ જણાવ્યું હતું. મફત નેત્ર નિદાન કેમ્પમાં બી.પી., ડાયાબીટીઝની વિના મુલ્યે ચકાસણી કરી આપવામાં આવશે તેમ જણાવ્યું હતું. ભરતભાઈ બી.ઠાકોર, મિતેષભાઈ ડી.પટેલ, વલ્કેશભાઈ એમ.પટેલ સહિત કાર્યકરોનો સંપર્ક સાધવા અનુરોધ કરાયો હતો.

જરૂરીયાતવાળા આંખોના દર્દીઓને નવલભાઈ અને હિરાબા આંખની હોસ્પિટલ, અમદાવાદ મુકામે લઈ જઈ નિઃશુલ્ક નેત્રમણી સાથે મોતીયાનું ઓપરેશન નિષ્ણાંત ડાૅક્ટરો ધ્વારા કરી આપવામાં આવશે સાથે-સાથે દવાઓ પણ આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.ભિલોડા (દ્દષ્ટી કેન્દ્ર) વિઝન સેન્ટરમાં શુક્રવારે સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી નિષ્ણાંત ડાૅક્ટરો ધ્વારા આધુનિક મશીનથી આંખોની ચકાસણી કરી આપવામાં આવે છે.

## હિંમતનગરથી મોડાસા સુધી ઘરેલું ગેસ પાઈપ લાઈનનું કામ પુરજોશમાં

મોડાસા, તા. ૨૩

મોડાસા નગરજનોને ઘરેલું વપરાશ માટે ૧૦૦ કરોડના ખર્ચે ૪૫ કિલોમીટર લાંબી ઘરેલુ વપરાશ



અને વાહનો માટે ગેસ પાઈપલાઈનનું કામ પુરજોશમાં કામ ચાલી રહ્યું છે. અરવલ્લી જિલ્લાના હાલ ઘરેલુ વપરાશ માટે અલગ અલગ કંપનીઓના સિલિન્ડર વપરાય છે. ગુજરાતના મહત્વના શહેરોમાં પાઈપલાઈન દ્વારા ગેસ કનેક્શન મેળવી ઘરેલુ અને વાહનોમાં ગેસ વિતરણ કરાય છે, ત્યારે નવરચિત અરવલ્લી જિલ્લામાં પાઈપલાઈન દ્વારા ઓનલાઈન ઘરેલુ અને વાહનો માટે ગેસ મળશે તે સમય હવે દૂર નથી, ત્યારે સાબરમતી ગેસ કંપની દ્વારા હાલ પાઈનનું અદ્યતન મશીનરીના ઉપયોગથી પાઈપલાઈન નાખવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

સાબરમતી ગેસ કંપનીના ચેરમેન ડો. ટી. નટરાજન દ્વારા અરવલ્લી જિલ્લા માટે ગેસ પાઈપલાઈન મંજૂર કરી ૧૦૦ કરોડના ખર્ચે હિંમતનગરથી મોડાસા ગેસ પાઈપલાઈન દ્વારા ઘરેલું અને વાહનો માટે ગેસ મળે તે માટે મોડાસા પાસે થોડા દિવસ પૂર્વે ખાત મુર્હત કરવામાં આવ્યું હતું. આ યોજના ૬ થી ૮ મહિનામાં પૂર્ણ કરી જિલ્લાવાસીઓને પાઈપલાઈન દ્વારા ગેસ કનેક્શન આપી દેવાની જાહેરાત કરવામાં આવી હતી. સાબરમતી ગેસના જિલ્લામાં ૧૦થી વધુ સ્ટેશનો ઉભા કરવામાં આવનાર છે. પાંચ વર્ષમાં સમગ્ર જિલ્લામાં ૩૫૦ કિલોમીટર વિસ્તારમાં પાઈપલાઈનથી ગેસ પહોંચાડવાની કામગિરી હાથ ધરાતા જિલ્લાવાસીઓમાં આનંદની લાગણી પ્રવર્તી છે.

## હવે ઝારખંડના જમશેદપુર અને રાંચીમાં પણ બનાસનું દૂધ વેચાશે



પાલનપુર, તા. ૨૩

એશિયાની નંબર વન ડેરી બનાસ ડેરી તેની સેવાઓ દેશના વિવિધ રાજ્યોમાં વિસ્તારી રહી છે ત્યારે ઝારખંડ રાજ્યના જમશેદપુર અને રાંચીમાં પણ અમૂલ બ્રાન્ડ હેઠળ બનાસ ડેરીનું દૂધનું વિતરણ શરુ થઈ ગયું છે. આજરોજ ટાટાનગર જમશેદપુર ખાતે બનાસ ડેરીના ઈ. એમ.ડી. કામરાજભાઈ ચૌધરી, જી.સી.એમ.એમ.એફ.ના માર્કેટિંગ (ઈન્ડિયા) હેડ એ.કે. ત્રિપાઠી, ઝોનલ નં. ૭ ના હેડ નરેન્દ્રસિન્હા, ઝારખંડના બ્રાંચ મેનેજર વિશ્વજીત અને બનાસ ડેરીના સી.ઓ.ઓ. સંજય કરમચંદાણી એ અમૂલ દૂધનાં વિતરણના ગણેશ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે સુપ્રસિદ્ધ ટાટાનગરી જમશેદપુરમાં અમૂલ દૂધનું વિતરણ ન હતું તે સંજોગોમાં બનાસ ડેરીએ દૂધના પાઉચ પેકિંગની કામગીરી શરુ કરીને તેની વિતરણ વ્યવસ્થા ગોઠવતાં હવે જમશેદપુર વાસીઓ પણ બનાસનાં દૂધનો સ્વાદ મેળવી શકશે.

## સરકારી સ્વાયત સંસ્થામાં અધિકારી વચ્ચે ગજગ્રાહ ન હોવો જોઈએ : અમિત ચાવડા

સુરત,તા.૨૩

કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ સુરતની મુલાકાતે આવ્યા છે. દરમિયાન આજે કોંગ્રેસના જન સંપર્ક કાર્યક્રમમાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ હાજરી આપી હતી. અને જન સંપર્ક કાર્યક્રમની વરાછાના મિની બજાર ખાતેથી શરૂઆત કરવામાં આવી હતી.

સુરતમાં વરાછાના મિની બજાર ખાતેથી કોંગ્રેસના જન સંપર્ક કાર્યક્રમની પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાના હસ્તે શરૂઆત કરવામાં આવી છે.

મિનિ બજાર ખાતે મોટી સંખ્યામાં કોંગ્રેસના કોર્પોરેટર સહિત કાર્યકરો મોટી સંખ્યામાં એકઠાં થયા હતા. અને જન સંપર્ક કાર્યક્રમ અંતર્ગત ડોર ટુ ડોર ફંડ ઉઘરાવવાની શરૂઆત કરી હતી. આ પ્રસંગે હાજર રહેલા પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, વરસાદ ઓછો હોવાની આગાહી છતાં સરકાર ઉંઘતી રહી હતી.

## મોડાસામાં સંત રાજીન્દરસિંહજી મહારાજના સત્સંગ સમારોહમાં મહેરામણ ઉમટ્યો

### ગાજણ ખાતેનો શામિયાણો સત્સંગીઓથી ઉભરાયો



મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લામાં મોડાસામાં વૈશ્વિક સંત રાજીન્દરસિંહજી મહારાજના સત્સંગ સમારોહમાં લાખોનો મહેરામણ ઉમટી પડ્યો હતો. ગાજણ ખાતેનો શામિયાણો લાખો સત્સંગીઓથી ઉભરાયો હતો. વીસ વર્ષ પછી મોડાસાના આંગણે યોજાયેલા આ સત્સંગ સમારોહમાં મોડાસા ઉપરાંત આસપાસના તાલુકા-જિલ્લાઓમાંથી પણ સત્સંગીઓએ અલૌકિક આધ્યાત્મિક રસાસ્વાદથી ધન્યતા અનુભવી હતી.

ગુરુ બિન ભવનિધિ તરહી ન કોય.. ઉક્તિ અનુસાર પ્રારંભે માતા રીટાજીએ સ્વામીજી મહારાજની વાણીથી 'ગુરુ વિના કદી ભવ ન તરે...' પંક્તિનું મધુર ગાન કર્યુ હતું. સત્સંગીઓઓથી ચિક્કાર સમારોહમાં આત્માની ઓળખના આધ્યાત્મિક રસાસ્વાદનો અનુભવ કરાવતાં વૈશ્વિક આત્મજ્ઞાની સંત રાજીન્દરસિંહજી મહારાજે મનુષ્ય જન્મની સાર્થકતા સમજાવતાં જણાવ્યું કે માયાની દુનિયામાં ગુરુની મહેર વિના ભવસાગર પાર થઈ શકતો નથી જ્યારે આપણે ગુરુના ચરણ કમળમાં પહોંચતાં 'નામ'થી જોડીને આપણા શિવનેત્રને ખોલી દે છે.

પૂજ્ય સંત રાજીન્દરસિંહજી મહારાજે વધુમાં જણાવ્યું કે પિતા-પરમેશ્વર પ્રેમનો મહાસાગર છે. આપણો આત્મા ઈશ્વરનો અંશ હોવાના નાતે પ્રેમથી ભરપૂર છે અને પ્રભુને પામવાનો માર્ગ પણ પ્રેમનો માર્ગ છે. આપણા ગુરુના વચનો મુજબ આપણું જીવન નેકી અને સદાચારથી જીવીએ અને આત્માનો મેળાપ પિતા પરમેશ્વર સાથે થતા ૮૪ લાખ જિયાજૂનથી હમેશ માટે મુક્ત થઈએ. આ સમારોહમાં ઉપસ્થિત મોડાસા ઉપરાંત જિલ્લાઓમાંથી, ગુજરાતમાંથી અને દેશ-વિદેશના હજારો સત્સંગીઓએ આત્મવાણીથી ભાવવિભોર બનીને ધન્યતા અનુભવી હતી.

વિશ્વમાં ૨૮૦૦ જેટલા કેન્દ્રો થકી કોઈપણ આફતને અવસરમાં પલટાવવા સેવા યજ્ઞોમાં અગ્રેસર રહેતા સાવન કૃપાલ રુહાની મિશનનું સાહિત્ય વિશ્વની ૫૫થી વધુ ભાષાઓમાં પ્રકાશિત થઈ ચૂક્યું છે. જેનું મુખ્યાલય વિજયનગર અને દિલ્હીમાં તથા આંતરરાષ્ટ્રીય મુખ્યાલય નેપરવિલે અમેરિકામાં સ્થિત છે એવા સમર્થ સંતના આજના સત્સંગ સમારોહને અંતે રાત્રે સત્સંગ સ્થળે સંત રાજીન્દરસિંહજી મહારાજના નામદાન અર્થાત આધ્યાત્મિક દીક્ષા દ્વારા મુમુક્ષુઓને પ્રભુની 'જ્યોતિ' તથા 'શ્રુતિનો આત્માનુભવ કરાવ્યો હતો.

મોડાસાના આંગણે વિસ વર્ષ પછી મોડાસાના ઈતિહાસમાં આટલી મોટી મેદની સાથેના સત્સંગ સમારોહની સફળતા માટે સાવન કૃપાલ રુહાની મિશન, ગુજરાતના ઝોનલ ઈન્ચાર્જ લલિતભાઈ કનોજીયા, ચિરાગભાઈ પંચાલ, વિનોદભાઈ દરજી સહિતના મિશન સાથે સંકળાયેલા અનેક સાથીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

## મોડાસા નાગરીક સહકારી બેંક ધ્વારા ઈનામ વિતરણ સમારંભ યોજાયો

ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરની પ્રતિષ્ઠીત ધી નાગરીક સહકારી બેંક લી. ધ્વારા ઈનામ વિતરણનો સમારંભ યોજાયો હતો.ધી મોડાસા નાગરીક સહકારી બેંક લી.ના સભાસદોના ૭૫ થી વધુ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. બાળકોના અંદર રહેલી પ્રતિભાને બહાર લાવી નાગરીક સહકારી બેંક લી. ધ્વારા બાળકોને મોટીવેટ કરવામાં આવ્યા હતા. ધી મોડાસા નાગરીક સહકારી બેંક લી. ચેરમેન કમલેશ પટેલના જણાવ્યા મુજબ દર વર્ષે ઈનામ વિતરણ કરી બાળકોને પ્રોત્સાહિત કરી તેમને સારી ગુણવત્તા સભર મોમેન્ટો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.ચાલુ સાલે બેંકના પુર્વ ચેરમેન વિનોદભાઈ શાહ, ડાૅ.કીરીટભાઈ



શાહ, મેનેજર મંગેશભાઈ શેઠ, ડીરેક્ટર અશોકભાઈ ભાવસાર, એચ. એ. શાહ, અલ્પેશભાઈ ગાંધી, પરેશભાઈ, જયેશભાઈ, પ્રજ્ઞેશ ગાંધી,દિપકભાઈ શાહ, સુવર્નાબેન સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ચેરમેન કમલેશ પટેલએ સભાસદો, બાળકો ભારતભરમાં મોડાસાનું નામ રોશન કરે તેવા શુભાષીશ પાઠવ્યા હતા.

## મોડાસા તાલુકાના જીતપુર ગ્રામ પંચાયતના ચારણવાડ ખાતે કલેકટરશ્રીનો રાત્રિરોકાણ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૨૩

મોડાસા તા ૨૨મીના રોજ મોડાસા તાલુકાના જીતપુર ગ્રામપંચાયતના ચારણવાડ દૂધમંડળી ખાતે કલેકટરના અધ્યક્ષસ્થાને રાત્રીરોકાણ કાર્યક્રમ યોજાયો હતો. રાજ્ય સરકાર દ્વારા લોકપ્રશ્નોનું નિરાકરણ સ્થળ ઉપર કરવા માટે જિલ્લાકક્ષાએ જિલ્લા કલેકટર એમ.નાગરાજને રાત્રિરોકાણ કરીને પ્રજાના પ્રશ્નો હલ કરવામાં આવ્યા હતા. રાત્રિરોકાણ દરમ્યાન વિધવા સહાય વૃધ્ધાના લાભાર્થીઓને હુકમોનું વિતરણ કરવામોં આવ્યું હતું. શિક્ષણ સ્વશતા આરોગ્ય અને કુપોષણ ગામના વિકાસ માટેના પ્રશ્નનોનું સ્થળ માર્ગદર્શન પૂરું પાડવામા આવ્યું હતું. મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત ગામ લોકોને મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજીને વધુમાં વધુ મતદાન કરે, રાત્રિરોકાણ દરમ્યાન જિલ્લાના અમલીકરણ અધિકારીઓને કલેક્ટર દ્વારા સુચનાઓ આપવામાં આવી હતી. ગ્રામજનોના વિવિધ પ્રશ્નોનું નિકાલ થતાં સંતોષ વ્યક્ત કરયો હતો. રાત્રીરોકાણ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

